| S.K.SHAH (CHAHWALA) COLLEGE OF EDUCATION | SC | 4 | 168,000 |
| | ST | 2 | 90,600 |
| | OBC/EBC | 24 | 442,000 |
| | *TOTAL* | *30* | *700,600* |
| SHRI MANEKLAL DESAI KISHOR MANDIR | SC/ST/OTHER | 934 | 1,667,700 |
| | NMMS (As per student 12000)* | 7 | 84,000 |
| | CET (As per student 12500)* | 39 | 487,500 |
| | PES | 2 | 2,000 |
| | *TOTAL* | *982* | *2,241,200* |
| SHRI S.C.DANI PRIMARY SCHOOL | SHOLARSHIP(3000) | 152 | 456,000 |
| | *TOTAL* | *152* | *456,000* |
| SMT.C.D.GANDHI ENG.MED SCHOOL (PRIMARY) | SHOLARSHIP(3000) | 115 | 312,000 |
| | *TOTAL* | *115* | *312,000* |
| SHRI C.N.VIDYALAYA | PRI-METRIC | 408 | 1,733,500 |
| | POST-METRIC | 506 | 1,771,000 |
| | NMMS ( 1 YEARS)* | 56 | 672,000 |
| | BICYCLE | 195 | 780,000 |
| | *TOTAL* | *1165* | *4,956,500* |
| SHRI S.C.DANI SEC. & H.SEC SCHOOL | GYAN SADHANA SCHOLARSHIP | **11** | **185,000** |
| | NAMO LAKSHMI YOJANA SCHOLARSHIP | **103** | **126,500** |
| | NAMO SARSWATI YOJANA SCHOLARSHIP | **33** | **133,000** |
| | *TOTAL* | *147* | *444,500* |
| SMT.CHANDRABEN D. GANDHI ENG.MED SCHOOL (SEC & H.SEC) | NAMO SARSWATI YOJANA SCHOLARSHIP | **102** | **827,500** |
| | *TOTAL* | *102* | *827,500* |
| **GRAND TOTAL** | | **3754** | **16,729,776** |

## RTE Fee Received FY 2025 -26

| Institutes Name | RTE Fee | No of Students | Actual Fees | Received Fees |
|---|---|---|---|---|
| SHRI S.C.DANI PRIMARY SCHOOL | RTE (FEES)(13676) | 152 | 2,265,500 | 2,017,184 |
| | *TOTAL* | *152* | *2,265,500* | *2,017,184* |
| SMT.C.D.GANDHI ENG.MED SCHOOL (PRIMARY) | RTE (FEES)(13676) | 115 | 2,041,250 | 1,572,970 |
| | *TOTAL* | *115* | *2,041,250* | *1,572,970* |
| **GRAND TOTAL** | | **267** | **4,306,750** | **3,590,154** |
| Actual Fees | 4,306,750 | | | |
| Received Fees | 3,590,154 | | | |
| Not Receivable | 716,596 | | | |

## Donations & Prizes Received from Competitions

| Institutes Name | Details | Amount |
|---|---|---|
| SHRI C.N.VIDYALAYA | KHEL-MAHAKUMBH - BEST SCHOOL - | 25,000 |
| | GYAN SADHANA | 10,000 |
| | KHEL MAHAKUMBH PRIZE - STUDENTS | 149,250 |
| | ***TOTAL*** | **184,250** |
| SHRI MANEKLAL DESAI KISHOR MANDIR | KHEL-MAHAKUMBH - BEST SCHOOL - | 25,000 |
| | GYAN SANDHANA | 156,000 |
| | KHEL MAHAKUMBH PRIZE - STUDENTS | 81,250 |
| | Dr. MAHENDRABHAI MODI SCHOLARSHIP FUND | 20,000 |
| | ***TOTAL*** | ***282,250*** |
| SHRI S.C.DANI PRIMARY SCHOOL | KHEL MAHAKUMBH PRIZE - STUDENTS | 81,250 |
| | Dr. MAHENDRABHAI MODI SCHOLARSHIP FUND | 30,000 |
| | ***TOTAL*** | ***111,250*** |
| SMT.C.D.GANDHI ENG.MED SCHOOL (PRIMARY) | KHEL MAHAKUMBH PRIZE - STUDENTS | 141,000 |
| | INSPIRED AWARORD | 10,000 |
| | KHEL-MAHAKUMBH - BEST SCHOOL - | 10,000 |
| | ***TOTAL*** | ***161,000*** |
| SHRI S.C.DANI SEC. & H.SEC SCHOOL | SARDAR DHAM | 55,000 |
| | VIDHYASARTHI PLATFORM ARVIND FOUNDATION | 20,000 |
| | ***TOTAL*** | ***75,000*** |
| SHAH K.S.ARTS & V.M.PAREKH COMMERCE COLLEGE | KHEL MAHAKUMBH PRIZE - STUDENTS | 112,000 |
| | ***TOTAL*** | ***112,000*** |
| ***GRAND TOTAL*** | | **925,750** |

# કપડવંજ કેળવણી મંડળ સંચાલિત સંસ્થાઓનો અહેવાલ

## શ્રી જડાવબા શિશુ કેન્દ્ર

શ્રી જડાવબા શિશુ કેન્દ્ર પ્રી-પ્રાયમરી શિક્ષણના ક્ષેત્રમાં બાળકોના સર્વાંગી વિકાસ માટે કાર્યરત સંસ્થા છે. બાળક આનંદમય અને હૂંફાળા વાતાવરણમાં શીખે, રમે, અનુભવે અને પોતાની ક્ષમતાઓનો વિકાસ કરે તે માટે વિવિધ શૈક્ષણિક, સર્જનાત્મક અને અનુભવ આધારિત પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે.

**પ્રવેશોત્સવ :**

શાળામાં પ્રથમ વખત આવનારા બાળકોનું પ્રેમપૂર્વક અને હૂંફભર્યું સ્વાગત કરવામાં આવે છે. બાળકોને કંકુનું તિલક કરી, ફૂલની પાંખડીઓથી વધાવી આવકારવામાં આવે છે.

**આરોગ્ય અને પોષણ જાગૃતિ :**

- બાળકોમાં સ્વસ્થ આહાર પ્રત્યે જાગૃતિ વિકસે તે માટે “વન વીક ફ્રૂટ” અને “વન વીક કાચા શાકભાજી” જેવી વિશેષ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું.
- આરોગ્ય પ્રત્યે જાગૃતિ વધે તે હેતુથી ડોક્ટરની એક્સપર્ટ વિઝિટનું આયોજન કરવામાં આવ્યું. જેમાં બાળકોને સ્વચ્છતા, આરોગ્ય અને દૈનિક જીવનમાં અપનાવવાની સારી ટેવો અંગે સરળ અને રસપ્રદ રીતે માર્ગદર્શન આપવામાં આવ્યું.

**અનુભવ આધારિત શિક્ષણ :**

બાળકોને સમાજ અને જાહેર સેવાઓ અંગે પ્રાથમિક જ્ઞાન મળે તે માટે પોલીસ સ્ટેશન, ફાયર સ્ટેશન અને હોસ્પિટલની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું. આ મુલાકાતો દ્વારા બાળકોને સુરક્ષા, આરોગ્ય અને વિવિધ સેવાકીય વ્યવસ્થાઓ અંગે જીવંત અનુભવ પ્રાપ્ત થયો.

**વિજ્ઞાન અને જિજ્ઞાસા વિકાસ :**

બાળકોમાં વૈજ્ઞાનિક અભિગમ અને જિજ્ઞાસાવૃત્તિનો વિકાસ થાય તે માટે વિજ્ઞાન મેળાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં બાળકો દ્વારા સરળ 35 જેટલા પ્રયોગો અને મોડેલોની રજૂઆત કરવામાં આવી .

**વિદ્યાર્થીઓની નોંધપાત્ર સિદ્ધિ :**

- ગુજરાત રાજ્ય કલા શિક્ષક સંઘ દ્વારા આયોજિત સ્પર્ધામાં બાલમંદિરના કુલ ૧૭૭ બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.
- સ્પર્ધામાં બાલમંદિરના વિદ્યાર્થીઓએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ પ્રાપ્ત કરી સંસ્થાનું ગૌરવ વધાર્યું.

**સાંસ્કૃતિક ઉજવણીઓ :**

વસંત પંચમીની ઉજવણી રૂપે બાળકોને ઋતુ પરિવર્તન, ભારતીય સંસ્કૃતિ અને પરંપરાના મહત્વ વિશે માહિતગાર કરવામાં આવ્યા.

**દાતાશ્રીઓનો સહયોગ :**

• નાસ્તા પેટે પ્રાપ્ત દાન – રૂ. ૫૬,૨૫૦
• જન્મદિવસ ઉજવણી પ્રસંગે પ્રાપ્ત દાન – રૂ. ૨૩,૪૬૧
• નંદ મહોત્સવ પ્રસંગે પ્રાપ્ત દાન – રૂ. ૨૧,૭૧૪

શ્રી જડાવબા શિશુ કેન્દ્ર દ્વારા વર્ષ દરમિયાન બાળકોને આનંદમય, સુરક્ષિત અને શૈક્ષણિક વાતાવરણ પૂરું પાડી તેમના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નો કરવામાં આવે છે.





# શ્રી એમ.વી.પરીખ ઇંગ્લીશ મીડીયમ સ્કુલ(નર્સરી)

શ્રી એમ. વી. પરીખ ઇંગ્લીશ મીડીયમ બાલમંદિરની સ્થાપના વર્ષ ૨૦૦૦માં કરવામાં આવી. પ્રી-પ્રાયમરી શિક્ષણના ક્ષેત્રમાં સંસ્થા બાળકોના સર્વાંગી વિકાસ માટે કાર્યરત છે. રમત દ્વારા શિક્ષણ, પ્રવૃત્તિ આધારિત અધ્યયન, સર્જનાત્મક અભિવ્યક્તિ અને મૂલ્યલક્ષી શિક્ષણના માધ્યમથી બાળકોમાં આત્મવિશ્વાસ, જિજ્ઞાસા, સામાજિકતા અને જીવન કૌશલ્યોનો વિકાસ થાય તે માટે સતત પ્રયત્ન કરવામાં આવે છે.

વર્ષ દરમિયાન બાળકોના સર્વાંગી વિકાસ માટે દર વર્ષની જેમ વિવિધ પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવે છે, જેમાંથી આ વર્ષની વિશેષ પ્રવૃતિઓ નીચે મુજબ છે.

### રમત-ગમત અને વાલી સહભાગિતા :

- શાળામાં સ્પોર્ટ્સ ડેનું આયોજન વાલીઓની સક્રિય સહભાગિતા સાથે ઉત્સાહભેર કરવામાં આવ્યું.
- સ્પોર્ટ્સ ડે દરમિયાન વાલીઓ માટે રસા ખેંચ, બાળકને ઝડપથી સ્કૂલ માટે તૈયાર કરવાની રમત તથા ત્રિપગી દોડ જેવી મનોરંજક રમતોનું આયોજન કરવામાં આવ્યું. બાળકો માટે લીંબુ-ચમચી દોડ, સંગીત ખુરશી, હડલ્સ અને રનિંગ રેસ જેવી વિવિધ રમતો યોજાઈ.
- કાર્યક્રમના અંતે “દરેક બાળક અનોખો છે” એ વિચારને કેન્દ્રસ્થાને રાખી ભાગ લેનાર તમામ બાળકોને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા.

### કલા અને સર્જનાત્મક વિકાસમાં નોંધપાત્ર સિદ્ધિ :

- ગુજરાત રાજ્ય કલા શિક્ષક સંઘ દ્વારા આયોજિત રંગપૂરણી સ્પર્ધામાં શાળાના સિનિયર કે.જી.ના ૧૧૪ જેટલા બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.
  બારોટ વૃતિકા પરેશભાઈએ પ્રથમ સ્થાન, ચાવડા સિદ્ધાર્થ હિમાંશુએ દ્વિતીય સ્થાન, પટેલ સાનવી સમીરકુમારે તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું.

### હેલ્પર્સ વીકની ઉજવણી :

બાળકોને સમાજમાં વિવિધ સેવાઓ આપતા લોકોના કાર્ય અને તેમના મહત્વથી પરિચિત કરવાના હેતુથી શાળામાં “હેલ્પર્સ વીક”ની ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમ અંતર્ગત વિવિધ વ્યવસાય સાથે સંકળાયેલા વાલીઓને આમંત્રિત કરી તેમની કામગીરી વિશે પ્રત્યક્ષ માહિતી આપવામાં આવી.
કાર્યક્રમ દરમિયાન ગાર્ડનર, સ્વીપર, ડોક્ટર, ડેન્ટિસ્ટ, ટેલર અને ફાયર બ્રિગેડ જેવા વિવિધ ક્ષેત્રોના પ્રતિનિધિઓ બાળકો સાથે સંવાદ કરવા ઉપસ્થિત રહ્યા.

- ગાર્ડનરે છોડની સંભાળ અને બાગાયતના સાધનો વિશે માહિતી આપી.
- સ્વીપર બહેનોએ સ્વચ્છતાનું મહત્વ સમજાવી આસપાસનું વાતાવરણ સ્વચ્છ રાખવાની સારી ટેવો અંગે માર્ગદર્શન આપ્યું.
- ડોક્ટરશ્રીએ સ્ટેથોસ્કોપ, થર્મોમીટર જેવા સાધનોનો પરિચય કરાવી સ્વચ્છતા, આરોગ્ય અને દૈનિક હેલ્થ કેર અંગે સરળ ભાષામાં સમજણ આપી. સાથે નિયમિત બ્રશ કરવું અને પૌષ્ટિક આહાર લેવાની સારી આદતો અંગે પણ માહિતી આપી.
- ટેલર બહેને માપ લેવાનું ટેપ, કાતર, સિલાઈ મશીન તથા તેના વિવિધ ભાગો વિશે માહિતી આપી કપડાં તૈયાર કરવાની પ્રક્રિયા સમજાવી.
- ફાયર બ્રિગેડની ટીમે આગથી સુરક્ષા અંગે માર્ગદર્શન આપી આગ બુઝાવવા માટેના સાધનોનું પ્રદર્શન કર્યું.

સંસ્થા બાળક કેન્દ્રિત શિક્ષણ અને વિવિધ વિકાસલક્ષી પ્રવૃત્તિઓ દ્વારા બાળકોના સર્વાંગી વિકાસ માટે સતત કાર્યરત રહી તેમની ઉજ્જવળ શૈક્ષણિક સફરના પાયાને મજબૂત બનાવી રહી છે.










# શ્રી સ્પંદન બાલમંદિર

શ્રી સ્પંદન બાલમંદિર પ્રી-પ્રાયમરી શિક્ષણના ક્ષેત્રમાં બાળકોના સર્વાંગી વિકાસ માટે કાર્યરત સંસ્થા છે. રમત, અનુભવ, સર્જનાત્મક પ્રવૃત્તિઓ અને મૂલ્યલક્ષી શિક્ષણ દ્વારા બાળકોના શારીરિક, માનસિક, ભાવનાત્મક અને સામાજિક વિકાસને પ્રોત્સાહન આપવામાં આવે છે.

**પ્રવેશોત્સવ :**

બાળકોના શૈક્ષણિક જીવનની નવી સફરની શરૂઆત આનંદમય બને તે હેતુથી શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં કંકુ તિલક, ફૂલ-પાંદડીઓ અને મીઠાઈ દ્વારા તેમનું હસતાં મુખે સ્વાગત કરવામાં આવ્યું.

**જાહેર સ્થળોની મુલાકાત :**

બાળકો માત્ર વર્ગખંડ પૂરતા મર્યાદિત ન રહે પરંતુ વાસ્તવિક જીવનનો અનુભવ મેળવે, જવાબદાર અને જિજ્ઞાસુ બને તે હેતુથી ફાયર બ્રિગેડ, હોસ્પિટલ, નગરપાલિકા અને પોસ્ટ ઓફિસની મુલાકાતો યોજવામાં આવી. આ મુલાકાતો દ્વારા બાળકોને સમાજની વિવિધ સેવાઓ વિશે પ્રાથમિક અને પ્રાયોગિક સમજ પ્રાપ્ત થઈ.

**સ્વાસ્થ્ય અને પોષણ જાગૃતિ :**

- બાળકોમાં સ્વસ્થ જીવનશૈલીની ટેવ વિકસે તે માટે ગાજર, કાકડી, ટામેટા અને બીટ જેવા કાચા શાકભાજીના સેવનને પ્રોત્સાહન આપવામાં આવ્યું.
- ડૉક્ટર, પોલીસ અધિકારી, નર્સ તથા પોષણ વિશેષજ્ઞ જેવા નિષ્ણાત વાલીઓ દ્વારા બાળકો અને વાલીઓ માટે માર્ગદર્શન સત્રોનું આયોજન કરવામાં આવ્યું.
- બાળકોના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખી ડી.ટી.પી. રસીકરણ કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું.

**લાયબ્રેરી કોન્સેપ્ટ અને વૈજ્ઞાનિક અભિગમ :**

- બાળકોમાં સાંભળવાની કુશળતા, કલ્પનાશક્તિ અને નૈતિક મૂલ્યોનો વિકાસ થાય તે માટે ધાર્મિક અને મૂલ્યલક્ષી પુસ્તકોમાંથી નાના પ્રસંગો અને વાર્તાઓ રજૂ કરવામાં આવી.
- અનુભવજન્ય શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે વિવિધ સરળ વૈજ્ઞાનિક પ્રયોગો કરાવવામાં આવ્યા, જેના દ્વારા બાળકોમાં વૈજ્ઞાનિક અભિગમ અને જિજ્ઞાસાવૃત્તિનો વિકાસ થયો.

**નવીન શૈક્ષણિક પ્રવૃત્તિઓ :**

- પ્રથમ વર્ષના ભૂલકાઓ માટે લીંબુ શરબત બનાવવાની નવી પહેલ કરવામાં આવી, આ પ્રવૃત્તિ દ્વારા બાળકોને સ્વાનુભવ દ્વારા શીખવાની તક મળી.
- રોલ પ્લે આધારિત શિક્ષણ દ્વારા બાળકોને વાર્તા, બાળગીત અને અભિનયગીત આનંદ સાથે શીખવવામાં આવ્યા.
- મોબાઈલના અતિશય ઉપયોગના દૂષ્પ્રભાવો અને અજાણ્યા વ્યક્તિથી સાવચેત રહેવા જેવા મહત્વપૂર્ણ વિષયો પર બાળકો અને શિક્ષકોના સંયુક્ત પ્રયાસોથી નાટ્ય રજૂઆત કરવામાં આવી.

**સામાજિક અને શૈક્ષણિક પહેલ :**

ગિજુભાઈ બધેકાના જન્મદિવસ નિમિત્તે ઉજવાતા રાષ્ટ્રીય વાર્તા દિવસના અવસરે મહંમદપુરા પ્રાથમિક શાળામાં “વાર્તાનો વડલો” કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં બાળકો અને શિક્ષકો દ્વારા “વાઘ આવ્યો રે વાઘ...” વાર્તાની અસરકારક રજૂઆત કરવામાં આવી.

**નોંધપાત્ર સિદ્ધિઓ :**

- શ્રી શિવનેરી ગણેશ યુવક મંડળ દ્વારા આયોજિત ઇન્ટર સ્કૂલ સ્પર્ધામાં સંસ્થાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું.
- વિશ્વ હિન્દુ સંગઠનના કાર્યક્રમમાં બાળકો દ્વારા રાષ્ટ્રીય ગીતનું અભિનયાત્મક પ્રસ્તુતિકરણ કરવામાં આવ્યું.

ગુજરાત રાજ્ય કલા શિક્ષક સંઘ દ્વારા આયોજિત સ્પર્ધામાં ૭૦ બાળકોએ ભાગ લીધો.

શ્રી સ્પંદન બાલમંદિર દ્વારા પ્રેમ, સંસ્કાર, સર્જનાત્મકતા અને અનુભવ આધારિત શિક્ષણના માધ્યમથી બાળકોના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. બાળકકેન્દ્રિત પ્રવૃત્તિઓ, આરોગ્ય જાગૃતિ, મૂલ્યલક્ષી શિક્ષણ અને વાલી સહભાગિતાના સુમેળ દ્વારા સંસ્થા બાળકોના ઉજ્જવળ ભવિષ્યના મજબૂત પાયાનું નિર્માણ કરી રહી છે.

# શ્રી માણેકલાલ દેસાઈ કિશોર મંદિર

**શાળાની સુવિધાઓ :**

- કપડવંજ કેળવણી મંડળ સંચાલિત ગ્રાન્ટેડ પ્રાથમિક શાળા ૫૮ વર્ષથી કાર્યરત છે. આ શાળા મંડળ નિર્મિત પ્રાર્થનાખંડ, પ્રયોગશાળા, કમ્પ્યુટરખંડ અને મલ્ટીમીડિયા, સોલાર રૂફટોપ જેવા ઉપકરણોથી સજ્જ છે.
- ૨૪ વર્ગોમાં 65” ઇંચના ટચ પેનલવાળા સ્માર્ટબોર્ડની સુવિધા ઉપલબ્ધ છે.
- ખાસ વિષયના તાલીમ પ્રાપ્ત શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને વિશિષ્ટ શિક્ષણ આપવામાં આવે છે.
- સંચાલક મંડળનો હેતુ: વિદ્યાર્થીઓને સારું અને ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રદાન કરી મંડળનો હેતુ પરિપૂર્ણ થાય છે.

**સરકારશ્રીની યોજનાઓ :**

- ધોરણ ૧ થી ૮ના વિદ્યાર્થીઓને વિનામૂલ્યે પાઠ્યપુસ્તકો આપવામાં આવે છે.
- સન ૨૦૦૩થી મધ્યાહન ભોજન યોજના અને અલ્પાહાર યોજના અમલમાં છે.
- શાળામાં ૨૦૦૫થી પૌષ્ટિક આહાર યોજના અમલમાં મુકેલ છે, જેમાં શાળાએ નક્કી કર્યા મુજબનો નાસ્તો બાળકો ઘરેથી લાવે છે.
- પૌષ્ટિક આહાર યોજનામાં આ વર્ષે ૫૩૯ વિદ્યાર્થીઓએ ૮૦% થી વધુ ગુણ મેળવી પ્રમાણપત્ર મેળવ્યું.
- વર્ષ દરમ્યાન ધોરણ ૪-ક ના સૌથી વધુ વિદ્યાર્થીઓએ શ્રેષ્ઠ ગુણ મેળવી પૌષ્ટિક આહારયોજનાનું પ્રોત્સાહિત ઇનામ મેળવ્યું.

**શિષ્યવૃત્તિ લાભ :**

- મુખ્યમંત્રી સ્વાવલંબન યોજના અંતર્ગત શાળાના તમામ ૯૩૪ વિદ્યાર્થીઓએ ગણવેશ અને આર્થિક સહાય શિષ્યવૃત્તિનો લાભ મેળવ્યો.
- કુલ રકમ: ₹15,91,450/-

**સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને શિષ્યવૃત્તિ :**

- વર્ષ દરમ્યાન સરકારશ્રી દ્વારા વિવિધ પરીક્ષાઓ લેવામાં આવી. પરિણામે વિદ્યાર્થીઓને નીચે મુજબ શિષ્યવૃત્તિ મળવા પાત્ર થયા. આ પરીક્ષાના તૈયારી શાળાના જ શિક્ષકો દ્વારા શાળા સમય પહેલા/પછી શાળામાંજ કરાવવામાં આવે છે. તેમને જરૂરિયાત મુજબનું મટીરીયલ પણ શાળાના શિક્ષક દ્વારા પૂરું પાડવામાં આવે છે.

| ક્રમ | પરીક્ષાનું નામ | ધોરણ | વિદ્યાર્થી સંખ્યા | શિષ્યવૃત્તિની વિગતો |
|---|---|---|---|---|
| ૧ | CET (Common Entrance Test) | ૫ | ૧૩૫ | પ્રત્યેક વિદ્યાર્થીને ધો. ૬ થી ૧૨ સુધી કુલ ₹1,00,000/- મળવા પાત્ર. કુલ લાભ: ₹39,00,000/- |
| ૨ | જ્ઞાનસાધના | ૮ | ૯૫ | પ્રત્યેક વિદ્યાર્થીને ધો. ૯ થી ૧૨ સુધી ₹94,000/- મળવા પાત્ર. ધો. ૯-૧૦માં ₹22,000/- અને ધો. ૧૧-૧૨માં ₹25,000/- મળવા પાત્ર. |
| ૩ | NMMS | ૮ | ૫૯ | પ્રત્યેક વિદ્યાર્થીને ધો. ૯ થી ૧૨ સુધી ₹48,000/- મળવા પાત્ર. કુલ લાભ: ₹3,36,000/- |
| ૪ | ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા | ૫ થી ૮ | ૭૭ | તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવ્યા. |
| ૫ | PSE (પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ) | ૬ | ૫૬ | એક વિદ્યાર્થીને એક વર્ષ માટે ₹1,000/- મળવા પાત્ર. |

માણેકલાલ દેસાઈ કિશોર મંદિરમાં શૈક્ષણિક સુવિધાઓ, સરકારશ્રીની યોજનાઓ, પૌષ્ટિક આહાર, સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને શિષ્યવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે સફળ આયોજન કરવામાં આવ્યું છે.

## શ્રીમતી સી.ડી. ગાંધી ઇંગ્લીશ મીડીયમ પ્રાયમરી સ્કૂલ

શ્રીમતી સી.ડી. ગાંધી ઇંગ્લીશ મીડીયમ પ્રાયમરી સ્કૂલ બાળકોના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખી સમજી બાળકોમાં ઉત્તમ નાગરિકના ગુણોનું સિંચન કરવા કટિબદ્ધ કપડવંજની અગ્રણી સંસ્થા છે. આ હેતુઓને સિદ્ધ કરવા માટે વર્ષ દરમિયાન શાળામાં વિવિધ શૈક્ષણિક, શિક્ષણેત્તર અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું સફળ આયોજન કરવામાં આવે છે. પ્રાયમરી વિભાગમાં અંગ્રેજી માધ્યમમાં શિક્ષણની દ્રષ્ટિએ સંસ્થા કપડવંજ તાલુકામાં મોખરાનું સ્થાન ધરાવે છે.

**શૈક્ષણિક પ્રવૃત્તિઓ :**
શાળામાં પ્રાયોગિક શિક્ષણ તથા આધુનિક ટેકનોલોજી આધારિત શિક્ષણ પર વિશેષ ધ્યાન આપવામાં આવે છે. બાળકોની મૌલિક અભિવ્યક્તિનું કૌશલ્ય ખીલે તે માટે આંતર-ગ્રુપ સંવાદ, ક્વિઝ તથા અન્ય વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે.

**રમત-ગમત પ્રવૃત્તિઓ** :
વિદ્યાર્થીઓને ચાર ગ્રુપમાં વિભાજિત કરી દર મહિને આંતરગ્રુપ રમત સ્પર્ધાઓનું આયોજન કરી વિજેતા ગ્રુપને પારિતોષિક આપી પ્રોત્સાહિત કરવામાં આવે છે.જેને પરિણામે શાળામાં સારા રમતવીરો તૈયાર થયા છે. આ વર્ષે બેડમિન્ટન, ફૂટબોલ, ચેસ, કબડી અને ખો-ખો જેવી રમતોમાં તાલુકા અને જિલ્લા કક્ષાએ વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું. શાળાના વિદ્યાર્થીઓ કલા મહાકુંભ અને ખેલ મહાકુંભમાં પણ ઉત્સાહપૂર્વક ભાગ લઈ નોંધપાત્ર સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે.

**અભિવ્યક્તિ અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ :**
શાળામાં ચિત્ર, રંગોળી, વેસ્ટ ઓફ બેસ્ટ, દેશભક્તિ ગીત, વિજ્ઞાન મેળો, વેશભૂષા, એકપાત્રીય અભિનય અને વક્તૃત્વ સ્પર્ધા જેવી વિવિધ અભિવ્યક્તિ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે. આ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓને બુનિયાદી તથા પ્રાયોગિક શિક્ષણ સાથે તેમની આંતરિક પ્રતિભા અને સર્જનાત્મક શક્તિઓને અભિવ્યક્ત કરવાની તક આપવામાં આવે છે.

**સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ :**
સ્વતંત્રતા દિવસ, પ્રજાસત્તાક દિવસ, યોગ દિવસ, શિક્ષક દિન, વિવેકાનંદ જયંતી અને ગીતા જયંતી જેવા રાષ્ટ્રીય અને સાંસ્કૃતિક પ્રસંગોની ઉજવણી દ્વારા વિદ્યાર્થીઓમાં દેશપ્રેમ, સંસ્કાર અને નૈતિક મૂલ્યોનું સિંચન કરવામાં આવે છે. જન્માષ્ટમી, નવરાત્રી, ગણેશ ચતુર્થી અને હોળી જેવા તહેવારો પણ ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવે છે. વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા અને પ્રતિભાના વિકાસ માટે રંગોળી, મહેંદી, ચિત્ર, સ્ટોરી ટેલિંગ અને એકાંકી જેવી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે. સ્પેલ બી, ગણિત-વિજ્ઞાન ક્વિઝ, ડિબેટ અને પિનહોલ કેમેરા જેવી પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓના બૌદ્ધિક વિકાસને પ્રોત્સાહન આપવામાં આવે છે.

**જાગૃતિ અને માર્ગદર્શન કાર્યક્રમો :**
કિશોરાવસ્થા સેમિનાર, “My Body My Safety” તથા વાલી સંમેલન (PTM) જેવા કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે જાગૃતિ લાવવામાં આવી.

**વિશિષ્ટ સિદ્ધિઓ :**
- શાળાના વિદ્યાર્થી દર્શ પટેલની અંડર-14 ગુજરાત બોયઝ ટીમમાં પસંદગી થતાં તેણે સંસ્થા તથા સમગ્ર ખેડા જિલ્લાનું ગૌરવ વધાર્યું છે.
- શાળાના તેજસ્વી વિદ્યાર્થી શેખ અબ્દુલ હન્નાન વસીમભાઈએ પ્રતિષ્ઠિત “ઇન્સ્પાયર માનક એવોર્ડ” પ્રાપ્ત કરી શાળા અને કપડવંજ તાલુકાનું ગૌરવ વધાર્યું છે.
- ભારત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ દ્વારા અબ્દુલ હન્નાનના નવીન વિચાર (Innovation)ની પસંદગી કરવામાં આવી, જેના અંતર્ગત તેમને પ્રોજેક્ટ વિકસાવવા માટે પ્રશંસાપત્ર તથા ₹10,000ની ઇનામી રકમ એનાયત કરવામાં આવી.

**રમત-ગમત ક્ષેત્રે સિદ્ધિઓ :**
- ગોસ્વામી હીરવા (અંડર-9 ગર્લ્સ) તથા પટેલ ક્રિશ (અંડર-9 બોયઝ)એ 30 મીટર દોડમાં તાલુકા કક્ષાએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું.
- પંચાલ અનન્યા (અંડર-14 ગર્લ્સ) તથા પટેલ વંશ (અંડર-14 બોયઝ)એ ચેસ સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું.
- તનીષી પટેલે બેડમિન્ટન સ્પર્ધામાં અંડર-14 ગર્લ્સ વર્ગમાં જિલ્લા કક્ષાએ તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું.
- મનન પટેલે બેડમિન્ટન સ્પર્ધામાં અંડર-11 બોયઝ વર્ગમાં જિલ્લા કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું.
- સ્ટેન્ડિંગ બ્રોડ જમ્પમાં અંડર-17 ગર્લ્સ વર્ગમાં જિલ્લા કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરવામાં આવ્યું.
- અંડર-14 ગર્લ્સ વોલીબોલ ટીમ તાલુકા કક્ષાએ વિજેતા બની હતી તથા જિલ્લા કક્ષાએ તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું.

સંસ્થા તથા કર્મચારીગણ બાળકોના સર્વાંગી વિકાસ અને ઉજ્જવળ ભવિષ્ય માટે સતત કાર્યશીલ, પ્રતિબદ્ધ અને કટિબદ્ધ છે.

# શ્રી એસ.સી.દાણી પ્રાયમરી સ્કુલ

શ્રી એસ. સી. દાણી પ્રાયમરી સ્કૂલ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ, ગુણવત્તાયુક્ત પ્રાથમિક શિક્ષણ અને મૂલ્યલક્ષી કેળવણી માટે કાર્યરત સંસ્થા છે. શૈક્ષણિક અભ્યાસ સાથે વિદ્યાર્થીઓના બૌદ્ધિક, શારીરિક, સાંસ્કૃતિક અને સામાજિક વિકાસને પ્રોત્સાહન મળે તે માટે શાળામાં વર્ષ દરમિયાન વિવિધ શૈક્ષણિક, સહ અભ્યાસિક અને સર્જનાત્મક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે.

### વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટેના પ્રયત્નો :

- વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસને મજબૂત બનાવવા પ્રથમ અને દ્વિતીય સત્રની શરૂઆતમાં રેમેડિયલ ક્લાસનું આયોજન કરવામાં આવે છે.
- વિદ્યાર્થીઓમાં રહેલી વિવિધ પ્રતિભાઓને પ્રોત્સાહન આપવા આંતરવર્ગીય સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે.
- વિદ્યાર્થીની વિશિષ્ટ પ્રતિભા હોયને પ્રાર્થના સભામાં રજૂ કરવાની તક પણ આપવામાં આવે છે.

### શૈક્ષણિક અને સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ :

વિદ્યાર્થીઓના જ્ઞાનવર્ધન, સંસ્કાર નિર્માણ અને વ્યક્તિત્વ વિકાસ માટેની પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. જેમાં અનુલેખન, સુલેખન, રંગપૂરણી, મહેંદી, કેશગૂંફન, રાખડી બનાવવી, દેશભક્તિ ગીત, સ્વયંશાસન દિવસ, એક મિનિટ સ્પર્ધા, રંગોળી, બટન પરોવણી, અનાજ છૂટું પાડવું, પતંગ બનાવવી, વક્તૃત્વ, શીઘ્ર વક્તૃત્વ, પ્યાલા લંગડી ગેમ, સોય-દોરો, માટલી શણગારવી, કાવ્યગાન, ચીટક કામ, દોરડા કૂદ તથા ગણિત-વિજ્ઞાન પ્રદર્શન જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.

### ઉત્સવો અને વિશેષ દિવસોની ઉજવણી :

વિદ્યાર્થીઓમાં ભારતીય સંસ્કૃતિ, પરંપરા અને સામાજિક મૂલ્યો પ્રત્યે ગૌરવભાવ કેળવાય તે માટે વિવિધ ઉત્સવો અને વિશેષ દિવસોની ઉજવણી કરવામાં આવે છે. પ્રવેશોત્સવ, જવારા વાવણી અને પૂજન, રથયાત્રા, ગુરુપૂર્ણિમા, રક્ષાબંધન, જન્માષ્ટમી, નવરાત્રી, રમતોત્સવ, હોળી-ધૂળેટી તેમજ વિવિધ લેખકો, કવિઓ, વૈજ્ઞાનિકો અને ઐતિહાસિક મહાનુભાવોના જન્મદિવસોની ઉજવણી કરવામાં આવે છે. ઉપરાંત વાર્ષિકોત્સવ દ્વારા વિદ્યાર્થીઓને પોતાની પ્રતિભા રજૂ કરવાની તક આપવામાં આવે છે.

### આ વર્ષની વિશેષ પ્રવૃત્તિઓ :

### આનંદમેળો :

વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ, નેતૃત્વ, ટીમવર્ક, વ્યવહારિક જ્ઞાન અને સર્જનાત્મકતાનો વિકાસ થાય તે હેતુથી કપડવંજની જાહેર જનતા માટે ભવ્ય આનંદમેળાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં રમતો, ફૂડ સ્ટોલ અને હસ્તકલાના મળી કુલ ૫૧ સ્ટોલનું આયોજન કરવામાં આવ્યું.

### સ્ટે-બેક કાર્યક્રમ :

વિદ્યાર્થીઓમાં આત્મનિર્ભરતા, સહકારભાવ, શિસ્ત અને સામૂહિક જીવનના મૂલ્યો વિકસે તે માટે એક રાત્રિ રોકાણ (સ્ટે-બેક) કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ માટે જમણવાર, ઇન્ડોર અને આઉટડોર ગેમ્સ તેમજ વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું.

### બાળ બજાર :

વિદ્યાર્થીઓને વ્યવહારિક જીવનમાં રૂપિયા-પૈસાની લેવડદેવડ અને ખરીદ-વેચાણની સમજ મળે તે હેતુથી બાળ બજારનું આયોજન કરવામાં આવ્યું. ધોરણ ૧ થી ૪ના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ વસ્તુઓના કુલ ૮ સ્ટોલ ઉભા કરી ખરીદ-વેચાણની પ્રવૃત્તિ કરવામાં આવી, જેના દ્વારા વિદ્યાર્થીઓને આનંદ સાથે વ્યવહારિક જ્ઞાન પ્રાપ્ત થયું.

### રમત-ગમત ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિઓ :

ખેલ મહાકુંભ ૨૦૨૫-૨૬માં શાળાના U-9, U-11 અને U-14 વિભાગના કુલ ૩૭૭ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

### જિલ્લા કક્ષાની સિદ્ધિઓ :

• ફૂટબોલ (ભાઈઓ ટીમ) – પ્રથમ સ્થાન, રૂ. ૪૮,૦૦૦ની ઇનામ રકમ.
• ૬૦૦ મીટર દોડમાં રાઠોડ નિહીર – તૃતીય સ્થાન (રૂ. ૨,૦૦૦).
• ચેસ સ્પર્ધામાં પટેલ કર્મ – દ્વિતીય સ્થાન (રૂ. ૩,૦૦૦).
• બેડમિન્ટન સ્પર્ધામાં ચૌધરી ક્રેયા – તૃતીય સ્થાન (રૂ. ૨,૦૦૦).
• કુલ ઇનામ રકમ – રૂ. ૫૫,૦૦૦.

### શૈક્ષણિક સિદ્ધિ :

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ધોરણ-૬ના વિદ્યાર્થીઓ માટે લેવાયેલી CET પરીક્ષામાં શાળાના વિદ્યાર્થી શ્રીજી સંજયભાઈ પ્રજાપતિએ ૧૨૦માંથી ૧૦૯ ગુણ પ્રાપ્ત કરી નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી.

શ્રી એસ. સી. દાણી પ્રાયમરી સ્કૂલ શૈક્ષણિક ગુણવત્તા, સંસ્કાર નિર્માણ, રમત-ગમત, સર્જનાત્મકતા અને જીવન કૌશલ્યોના વિકાસ માટે સતત પ્રયત્નશીલ છે. વિદ્યાર્થીઓમાં રહેલી વિવિધ પ્રતિભાઓને યોગ્ય મંચ પૂરું પાડી તેમના સર્વાંગી વિકાસ અને ઉજ્જવળ ભવિષ્યના નિર્માણ માટે સંસ્થા અને કર્મયોગીગણ સતત કાર્યરત છે.

# શ્રી સી.એન. વિદ્યાલય

કપડવંજ કેળવણી મંડળની સ્થાપના સાથે વર્ષ ૧૯૪૦માં શરૂ થયેલ શ્રી સી. એન. વિદ્યાલય છેલ્લા ૮૫ વર્ષથી કપડવંજ તથા તેની આસપાસના આશરે ૩૦ કિલોમીટરની ત્રિજ્યામાં આવેલા લગભગ ૬૦ ગામોના વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રદાન કરી રહ્યું છે. ગુજરાતી માધ્યમની સરકારી ગ્રાન્ટેડ શાળા તરીકે કાર્યરત આ સંસ્થા ખેડા જિલ્લામાં સૌથી વધુ ૧૫૦૦ જેટલા વિદ્યાર્થીઓની અગ્રણી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા તરીકે ઓળખાય છે.

**શૈક્ષણિક ગુણવત્તા અને પરિણામલક્ષી આયોજન :**

- વિદ્યાર્થીઓનું પરિણામ વધુ ઉત્તમ બને તે હેતુથી ધોરણ ૯ થી ૧૨ના તમામ વર્ગોમાં આચાર્યશ્રી દ્વારા વર્ગવાર મુલાકાતો યોજી વિદ્યાર્થીઓ, વર્ગ શિક્ષકો તથા વિષય શિક્ષકો સાથે ચર્ચા કરવામાં આવી. વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રગતિને ધ્યાનમાં રાખી પરિણામલક્ષી આયોજન હાથ ધરવામાં આવ્યું.
- ધોરણ ૧૦ અને ૧૨ના અભ્યાસમાં નબળા જણાતા વિદ્યાર્થીઓ માટે ઓગસ્ટ માસથી વિશેષ શૂન્યતાસ વર્ગો શરૂ કરવામાં આવ્યા, જે વેકેશન દરમિયાન પણ સતત ચાલુ રાખવામાં આવ્યા અને ફેબ્રુઆરીના અંત સુધી કાર્યરત રહ્યા.
- વિદ્યાર્થીઓની વ્યક્તિગત પ્રગતિ પર સતત નજર રાખવા માટે દરેક શિક્ષકને ૧૫ વિદ્યાર્થીઓના કાઉન્સેલર તરીકે જવાબદારી સોંપવામાં આવી.
- કાઉન્સેલર શિક્ષકો વિદ્યાર્થીઓ તથા તેમના વાલીઓ સાથે સતત સંપર્કમાં રહી જરૂરી માર્ગદર્શન અને સહાય પૂરી પાડતા રહ્યા. આ વ્યવસ્થાના કારણે વિદ્યાર્થીઓની શૈક્ષણિક તેમજ વ્યક્તિગત મુશ્કેલીઓનું અસરકારક નિરાકરણ શક્ય બન્યું.
- વિષય શિક્ષકો દ્વારા દર મહિનાના બીજા અને ચોથા શનિવારે શાળા સમય બાદ અભ્યાસક્રમ, એકમ કસોટી, ગૃહકાર્ય, પ્રવૃત્તિઓ અને પરિણામોની સમીક્ષા કરી વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીઓના ઉકેલ સાથે પરિણામલક્ષી આયોજન કરવામાં આવ્યું.

**બોર્ડ પરીક્ષાઓમાં ઉત્કૃષ્ટ પરિણામ :**

સઘન આયોજન અને સતત શૈક્ષણિક માર્ગદર્શનના પરિણામે માર્ચ ૨૦૨૬ની એસ.એસ.સી. પરીક્ષામાં શાળાએ ૯૬ ટકા પરિણામ પ્રાપ્ત કર્યું. કુલ ૩૩૫ વિદ્યાર્થીઓમાંથી ૩૨૧ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા.

**એસ.એસ.સી. પરીક્ષાની વિશેષ સિદ્ધિ :**

- A1 ગ્રેડ – 17 વિદ્યાર્થીઓ
- A2 ગ્રેડ – 39 વિદ્યાર્થીઓ
- B1 ગ્રેડ – 58 વિદ્યાર્થીઓ
- B2 ગ્રેડ – 88 વિદ્યાર્થીઓ
- શાળાની વિદ્યાર્થીની શેખ હુમેરા એ 97.93 ટકા તથા 99.81 PR સાથે શાળામાં પ્રથમ સ્થાન મેળવ્યું.

**ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ :**

ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં કુલ ૨૬૦ વિદ્યાર્થીઓમાંથી ૨૫૭ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા હતા અને શાળાએ 98.84 ટકા પરિણામ પ્રાપ્ત કર્યું.

- A1 ગ્રેડ – 3 વિદ્યાર્થીઓ
- A2 ગ્રેડ – 34 વિદ્યાર્થીઓ
- B1 ગ્રેડ – 51 વિદ્યાર્થીઓ
- B2 ગ્રેડ – 97 વિદ્યાર્થીઓ
- વિદ્યાર્થીની મહેતા ફોરમ એ 94.71 ટકા અને 99.85 PR સાથે કપડવંજ કેન્દ્રમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું.

**ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ :**

ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં કુલ ૧૧૫ વિદ્યાર્થીઓમાંથી ૯૩ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા.

- સમગ્ર કપડવંજ કેન્દ્રમાં પ્રથમ ત્રણ ક્રમાંક શ્રી સી. એન. વિદ્યાલયના વિદ્યાર્થીઓએ પ્રાપ્ત કર્યા.
- વિદ્યાર્થી પંડ્યા સ્વયમ એ 93.69 ટકા, 99.62 PR અને A1 ગ્રેડ સાથે કપડવંજ કેન્દ્રમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું.
- વિદ્યાર્થીની સાધુ સાક્ષી એ 92.53 ટકા અને 99.30 PR સાથે કપડવંજ કેન્દ્રમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું.

**વિદ્યાર્થી કલ્યાણ અને સહાય યોજનાઓ :**

1. **નવચેતન પોષણ યોજના :**
   - નવચેતન પોષણ યોજના અંતર્ગત આશરે ૧૫૦ વિદ્યાર્થીઓને દરરોજ પૌષ્ટિક આહાર તરીકે સુખડી, કેળા, સફરજન, ફણગાવેલા કઠોળ, ચણા અને ગોળ જેવી પોષણયુક્ત ખાદ્ય સામગ્રી આપવામાં આવે છે.
2. **નવચેતન સહાયક યોજના :**
   - નવચેતન સહાયક યોજના અંતર્ગત જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ગણવેશ, પગરખાં, સ્વેટર તથા પરીક્ષા ફી જેવી આવશ્યક સુવિધાઓ સંપૂર્ણપણે નિઃશુલ્ક પૂરી પાડવામાં આવે છે.
3. **કિશોરી સ્વાભિમાન યોજના :**
   - વિદ્યાર્થીનીઓના સ્વાસ્થ્ય અને સ્વચ્છતાને ધ્યાનમાં રાખી વર્ષ ૨૦૧૪થી કિશોરી સ્વાભિમાન યોજના અમલમાં છે. આ યોજના અંતર્ગત વિદ્યાર્થીનીઓને નિઃશુલ્ક સેનેટરી પેડ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આ સુવિધા વધુ અસરકારક રીતે પહોંચે તે માટે કપડવંજ કેળવણી મંડળ દ્વારા ઇન્સીનરેટર મશીનની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

## શ્રીમતી ચંદ્રાબેન ડી. ગાંધી ઇંગ્લીશ મીડીયમ સ્કૂલ (સેકન્ડરી અને હાયર સેકન્ડરી)

શ્રીમતી ચંદ્રાબેન ડી. ગાંધી ઇંગ્લીશ મીડીયમ સેકન્ડરી અને હાયર સેકન્ડરી સ્કૂલ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને કેન્દ્રસ્થાને રાખી ગુણવત્તાસભર શિક્ષણ અને વ્યક્તિત્વ વિકાસ માટે સતત કાર્યરત સંસ્થા છે. વર્ષ દરમિયાન વિવિધ શૈક્ષણિક, સહ અભ્યાસિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું સુચારુ આયોજન કરવામાં આવે છે.

### ગુણવત્તાયુક્ત શિક્ષણ અને અનુભવ આધારિત અધ્યયન :

- અધ્યયન વધુ અસરકારક બને તે માટે પ્રાયોગિક શિક્ષણ, ડિજિટલ સાધનો તથા આધુનિક શિક્ષણ પદ્ધતિઓનો વ્યાપક ઉપયોગ કરવામાં આવે છે.
- વિદ્યાર્થીઓમાં તર્કશક્તિ, સંવાદ કૌશલ્ય અને આત્મવિશ્વાસનો વિકાસ થાય તે માટે ક્વિઝ, ગ્રુપ ડિસ્કશન તથા વિવિધ જ્ઞાનવર્ધક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે.
- અનુભવ આધારિત શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે શૈક્ષણિક ફિલ્ડ ટ્રિપનું આયોજન કરવામાં આવે છે, જેના દ્વારા વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તક બહારનું પ્રાયોગિક જ્ઞાન પ્રાપ્ત થાય છે.

### સર્જનાત્મકતા અને વ્યક્તિત્વ વિકાસ :

વિદ્યાર્થીઓની આંતરિક પ્રતિભાને પ્રોત્સાહન આપવા માટે ચિત્રકલા, રંગોળી, વેસ્ટ ઓફ બેસ્ટ, દેશભક્તિ ગીત, વિજ્ઞાન મેળો, વેશભૂષા સ્પર્ધા, એકપાત્રીય અભિનય અને વક્તૃત્વ સ્પર્ધા જેવી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે.

### વિશિષ્ટ સિદ્ધિઓ :

- સંસ્થા છેલ્લા 7 વર્ષ થી HSC માં અને 2 વર્ષ થી SSC માં 100 % પરિણામ લાવે છે.
- શાળાની વિદ્યાર્થીની બ્રહ્મક્ષત્રિય નિત્યાએ અંડર-15 ગુજરાત મહિલા ક્રિકેટ ટીમમાં સ્થાન મેળવી સંસ્થા માટે ગૌરવની ક્ષણ સર્જી છે. નેશનલ કક્ષાની સ્પર્ધામાં ગુજરાત ટીમનું પ્રતિનિધિત્વ કરતાં તેમણે ચાર વિકેટ મેળવી તેમજ પોતાની પ્રથમ સદી ફટકારી ઓલરાઉન્ડર ખેલાડી તરીકે ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું.

### રમત-ગમત ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિઓ :

- ભટ્ટ રોમ્યએ ચેસ સ્પર્ધામાં અંડર-17 વયજૂથમાં જિલ્લા કક્ષાએ પ્રથમ સ્થાન મેળવી રાજ્ય કક્ષાએ સફળ પ્રદર્શન કર્યું.
- રિદ્ધિ પટેલ, ધ્યાની પટેલ, હિત ભટ્ટ અને રોમ્ય ભટ્ટે બેડમિન્ટન સ્પર્ધામાં અંડર-17 વયજૂથમાં જિલ્લા કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી રાજ્ય કક્ષાએ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો.
- શ્રેયા ચૌહાણે એથ્લેટિક્સ સ્પર્ધામાં અંડર-17 વયજૂથમાં જિલ્લા કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી રાજ્ય કક્ષાએ શાળાનું ગૌરવ વધાર્યું.

### શિક્ષક સિદ્ધિ :

- શિક્ષકશ્રી હરીશ કાપડિયાએ કપડવંજ કેળવણી મંડળ આયોજિત ફોટોગ્રાફી સ્પર્ધામાં તેમજ કલા મહાકુંભ અંતર્ગત ગઝલ અને શાયરી-લેખન સ્પર્ધામાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી સંસ્થાનું ગૌરવ વધાર્યું.

વિદ્યાર્થી કેન્દ્રિત અભિગમ, ગુણવત્તાયુક્ત શિક્ષણ અને સર્વાંગી વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતા સાથે સંસ્થા સતત પ્રગતિના નવા સોપાનો સર કરી રહી છે. સંસ્થાનો સમગ્ર કર્મયોગી પરિવાર વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્યના નિર્માણ માટે નિષ્ઠાપૂર્વક કાર્યરત છે.





# શ્રી એસ.સી. દાણી સેકન્ડરી અને હાયર સેકન્ડરી સ્કૂલ

શ્રી એસ. સી. દાણી માધ્યમિક શાળા વિદ્યાર્થીઓના સર્વગ્રાહી અને સર્વાંગી વિકાસને કેન્દ્રસ્થાને રાખી કાર્યરત સંસ્થા છે. વિદ્યાર્થીઓમાં શૈક્ષણિક પ્રગતિ સાથે જીવનમૂલ્યો, વ્યક્તિત્વ વિકાસ, સર્જનાત્મકતા, નેતૃત્વ અને સામાજિક જવાબદારીના ગુણોનો વિકાસ થાય તે માટે શાળા સતત પ્રયત્નશીલ છે.

**વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટેના પ્રયત્નો :**

વિદ્યાર્થીઓના સર્વગ્રાહી વિકાસ માટે શાળામાં નિયમિત અને સતત મૂલ્યાંકન પ્રક્રિયા અમલમાં મૂકવામાં આવે છે. વાલીઓ સાથે ટેલિફોનિક સંપર્ક તથા વાલી મીટિંગના માધ્યમથી સતત સંવાદ જાળવી વિદ્યાર્થીઓની પ્રગતિ અંગે માહિતગાર કરવામાં આવે છે.

**શૈક્ષણિક વિકાસ અને ઉપચારાત્મક શિક્ષણ :**

ધોરણ ૯ અને ૧૦ના વિદ્યાર્થીઓના મૂળભૂત જ્ઞાનનું મૂલ્યાંકન કરવા બેઝ લાઇન એસેસમેન્ટ (BLA) યોજવામાં આવ્યું, જેના આધારે વિદ્યાર્થીઓ માટે ઉપચારાત્મક શિક્ષણ કાર્ય હાથ ધરવામાં આવ્યું. ત્યારબાદ રેમેડિયલ ટેસ્ટનું આયોજન કરી તેમની પ્રગતિનું પુનઃમૂલ્યાંકન કરવામાં આવ્યું.

**વિજ્ઞાન અને નવીનતા ક્ષેત્રે પ્રગતિ :**

- ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી તથા ડૉ. કલામ લોક વિજ્ઞાન કેન્દ્ર, નડિયાદના સંયુક્ત ઉપક્રમે આયોજિત STEM Quest ઝોનલ લેવલ સ્પર્ધામાં શાળાના કુલ ૬ વિદ્યાર્થીઓ ઓનલાઈન ટેસ્ટના આધારે તાલુકા કક્ષાએ ઉત્તીર્ણ થયા.
- ગાંધીનગર સાયન્સ સિટી ખાતે યોજાયેલી મધ્ય ગુજરાત ઝોનલ કક્ષાની સ્પર્ધામાં શાળાના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓએ ભાગ લીધો, જેમાંથી ૩ વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી ગ્રાન્ડ ફિનાલે માટે સ્થાન પ્રાપ્ત કર્યું.

**રમત-ગમત ક્ષેત્રે સિદ્ધિઓ :**

- ખેલ મહાકુંભ અંતર્ગત વોલીબોલ, ૨૦૦ મીટર દોડ અને ઊંચી કૂદ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ તાલુકા કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું.

શ્રી એસ. સી. દાણી માધ્યમિક શાળા ગુણવત્તાયુક્ત શિક્ષણ, સંસ્કાર, રમત-ગમત, વિજ્ઞાન અને સર્જનાત્મક પ્રવૃત્તિઓના માધ્યમથી વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે સતત કાર્યરત છે. વિદ્યાર્થીઓને જ્ઞાનસંપન્ન, આત્મવિશ્વાસપૂર્ણ અને જવાબદાર નાગરિક તરીકે ઘડવા માટે સંસ્થા અને કર્મયોગીગણ નિષ્ઠાપૂર્વક પ્રયત્નશીલ છે.










# શ્રી શાહ કે.એસ. આર્ટસ એન્ડ વી.એમ.પારેખ કોમર્સ કોલેજ

આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ, વ્યક્તિત્વ વિકાસ, કૌશલ્ય વિકાસ અને સામાજિક જાગૃતિ માટે કાર્યરત સંસ્થા છે. વિદ્યાર્થીઓને શૈક્ષણિક જ્ઞાનની સાથે નેતૃત્વ, રોજગારલક્ષી કૌશલ્યો, રાષ્ટ્રીય મૂલ્યો અને જીવન કૌશલ્યોથી સમૃદ્ધ બનાવવા માટે વર્ષ દરમિયાન વિવિધ શૈક્ષણિક, સહ અભ્યાસિક અને વિસ્તરણ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે.

**રમત-ગમત ક્ષેત્રે સિદ્ધિઓ :**

- ખેલ મહાકુંભ અંતર્ગત ઇન્ટર કોલેજ બેડમિન્ટન સ્પર્ધામાં કોલેજે ચેમ્પિયનશિપ હાંસલ કરી.
- ઇન્ટર યુનિવર્સિટી ક્રોસ કન્ટ્રી સ્પર્ધામાં કોલેજના વિદ્યાર્થીઓએ ભાગ લઈ સંસ્થાનું પ્રતિનિધિત્વ કર્યું.

**કારકિર્દી માર્ગદર્શન અને કૌશલ્ય વિકાસ :**

- પ્રાદેશિક રોજગાર કચેરી, નડિયાદના સહયોગથી વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન અને રોજગારીની તકો અંગે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું.
- વિદ્યાર્થીઓને વ્યવસાય અને ઉદ્યોગ ક્ષેત્રની તકો વિશે માહિતગાર કરવા જિલ્લા કક્ષાની ઉદ્યોગ સાહસિકતા તાલીમમાં સહભાગિતા કરવામાં આવી.
- કોલેજમાં CA અને CS જેવા વ્યાવસાયિક અભ્યાસક્રમો અંગે માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું, જેના દ્વારા વિદ્યાર્થીઓને કારકિર્દી માટે નવી દિશા મળશે.
- વિદ્યાર્થીઓને રોજગારલક્ષી કૌશલ્યોથી સજ્જ બનાવવા માટે ફિનિશિંગ સ્કૂલ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

**શૈક્ષણિક અને બૌદ્ધિક પ્રવૃત્તિઓ :**

- ગુજરાત સાહિત્ય અકાદમીના સહયોગથી એક દિવસીય રાજ્ય કક્ષાના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું, જેમાં વિવિધ વિષયોના નિષ્ણાતોએ માર્ગદર્શન પૂરું પાડ્યું.
- સંસ્કૃત વિભાગ દ્વારા સંસ્કૃત ગૌરવ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું, જેના દ્વારા વિદ્યાર્થીઓમાં સંસ્કૃત ભાષા અને ભારતીય જ્ઞાન પરંપરા પ્રત્યે રસ કેળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો.
- નવી શિક્ષણ નીતિ (NEP-2020) અંતર્ગત વિદ્યાર્થીઓને વિવિધ જોગવાઈઓ અને તકો અંગે યુનિવર્સિટીના અધ્યાપક દ્વારા માહિતી આપવામાં આવી.

**મહિલા સશક્તિકરણ અને આરોગ્ય જાગૃતિ :**

- CWDC અંતર્ગત બ્યુટીકેર વિષયક એક દિવસીય વર્કશોપ તથા મહિલા જાગૃતિ અંગે વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું. જેનાથી વિદ્યાર્થીનીઓમાં આત્મનિર્ભરતા અને જાગૃતિનો વિકાસ થશે.
- કોલેજમાં થેલેસેમિયા નિદાન અને જાગૃતિ માટે થેલેસેમિયા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું.
- કોલેજના વહીવટી કર્મચારીઓ માટે માનસિક સ્વાસ્થ્ય જાગૃતિ વિષયક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું.

**NSS અને NCC પ્રવૃત્તિઓ :**

- NSS એકમ દ્વારા મોટા રામપુર ખાતે વાર્ષિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું. શિબિર દરમિયાન વિદ્યાર્થીઓએ ગ્રામ વિકાસ, સ્વચ્છતા, સામાજિક જાગૃતિ અને સેવાકીય પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ લીધો.
- NCC અંતર્ગત વિદ્યાર્થીઓએ કઠલાલ ખાતે યોજાયેલા CATC કેમ્પમાં સહભાગિતા કરી, જેના દ્વારા શિસ્ત, નેતૃત્વ અને રાષ્ટ્રસેવાની ભાવનાનો વિકાસ થયો.

**શૈક્ષણિક પ્રવાસ અને ઔદ્યોગિક મુલાકાત :**

- કોલેજના સેલ્ફ ફાઇનાન્સ વિભાગ દ્વારા મોહનલાલ સુખાડિયા યુનિવર્સિટી, ઉદયપુર (રાજસ્થાન) ખાતે એક દિવસીય શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રવાસ દ્વારા વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ અને શૈક્ષણિક પરિસ્થિતિનો અનુભવ પ્રાપ્ત થયો.
- વિદ્યાર્થીઓ માટે અમૂલ ડેરી તથા મોગર ચોકલેટ પ્લાન્ટની ઔદ્યોગિક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું. આ મુલાકાતો દ્વારા વિદ્યાર્થીઓને ઉત્પાદન પ્રક્રિયા, વ્યવસ્થાપન અને ઉદ્યોગ જગતની કાર્યપદ્ધતિ અંગે પ્રાયોગિક જ્ઞાન પ્રાપ્ત થયું.

**રાષ્ટ્રીય ચેતના અને સામાજિક જવાબદારી :**

વિદ્યાર્થીઓમાં દેશપ્રેમ, એકતા અને રાષ્ટ્રીય ગૌરવની ભાવના વિકસે તે માટે કોલેજ દ્વારા તિરંગા રેલીનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં રાષ્ટ્ર પ્રત્યેની જવાબદારી અને જાગૃતિનો સંદેશ પ્રસરાવવામાં આવ્યો.

આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ દ્વારા શૈક્ષણિક શ્રેષ્ઠતા, કૌશલ્ય વિકાસ, રમત-ગમત, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, સામાજિક જાગૃતિ અને રાષ્ટ્રીય મૂલ્યોના સમન્વય દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. વિદ્યાર્થીઓને જવાબદાર, કુશળ અને આત્મવિશ્વાસપૂર્ણ નાગરિક તરીકે ઘડવા માટે સંસ્થા સતત કાર્યરત છે.

# પારેખ બ્રધર્સ સાયન્સ કોલેજ

પી. બી. સાયન્સ કોલેજ વિજ્ઞાન શિક્ષણના ક્ષેત્રમાં ગુણવત્તાયુક્ત ઉચ્ચ શિક્ષણ, વૈજ્ઞાનિક અભિગમ, સંશોધનવૃત્તિ અને વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટે કાર્યરત સંસ્થા છે.

### શૈક્ષણિક અને કૌશલ્ય વિકાસ પ્રવૃત્તિઓ :

નવી શિક્ષણ નીતિ (NEP-2020) અંતર્ગત વિદ્યાર્થીઓને Multiple Entry and Exit જેવી જોગવાઈઓ અંગે માહિતગાર કરવા સરદાર પટેલ યુનિવર્સિટીના સહયોગથી વિશેષ જાગૃતિ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું.

### વ્યક્તિત્વ વિકાસ અને જાગૃતિ કાર્યક્રમો :

- સરકારશ્રીના NTF પ્રકલ્પ અંતર્ગત “વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ” નિમિત્તે “Student Orientation Program” વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં માનસિક સ્વાસ્થ્ય અને સકારાત્મક જીવનદૃષ્ટિ અંગે જાગૃતિ લાવવામાં આવી.
- સરકારશ્રીની માર્ગદર્શિકા અનુસાર “Awareness Program for Ensuring Safety from Stray Dogs” વિષય પર વ્યાખ્યાન યોજી વિદ્યાર્થીઓને સામાજિક સુરક્ષા અને જાગૃતિ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું.
- રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી તથા કપડવંજ કેળવણી મંડળના સંયુક્ત ઉપક્રમે “Road Safety Awareness” વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું.
- સરકારશ્રીના કવચ પ્રકલ્પ અંતર્ગત કપડવંજ ગ્રામ્ય પોલીસ સ્ટેશનના પી.આઈ. શ્રી અજીતકુમાર ચૌધરીના માર્ગદર્શન હેઠળ “Cyber Security Awareness” વિષય પર વ્યાખ્યાન યોજાયું.

### સંશોધન અને શૈક્ષણિક રજૂઆતો :

“Environmental Issues & Awareness” વિષયક રાષ્ટ્રીય સેમિનારમાં પણ કોલેજના ૩ વિદ્યાર્થીઓ તથા ૨ સ્ટાફ સભ્યોએ પોસ્ટર પ્રેઝન્ટેશન સ્પર્ધામાં ભાગ લઈ સંસ્થાનું પ્રતિનિધિત્વ કર્યું.

### સાયબર જાગૃતિમાં વિદ્યાર્થીઓનું યોગદાન :

સરકારશ્રીના CAWACH પ્રકલ્પ અંતર્ગત કોલેજના પાંચ વિદ્યાર્થીઓએ Cyber Security Awareness વિષય પર Reels તૈયાર કરી CAWACH પોર્ટલ પર અપલોડ કરી હતી. આ પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓએ સાયબર સુરક્ષા અંગે જનજાગૃતિ લાવવામાં સક્રિય યોગદાન આપ્યું.

### રમત-ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ :

વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખી કોલેજમાં સ્પોર્ટ્સ ડે, ફૂડ ફેસ્ટિવલ તથા ટ્રેડિશનલ ડેનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓને રમતગમત, નેતૃત્વ, સર્જનાત્મકતા, ટીમવર્ક અને સાંસ્કૃતિક મૂલ્યોના વિકાસ માટે સશક્ત મંચ પ્રાપ્ત થયો.

### નોંધપાત્ર સિદ્ધિઓ :

- કોલેજની વિદ્યાર્થીની કુ. ભ્રાંતિ શાહની સરદાર પટેલ યુનિવર્સિટીની મહિલા બેડમિન્ટન ટીમમાં પસંદગી કરવામાં આવી.
- “વિદ્યાર્થી ઉદ્યમિતા સાહસિકતા નીતિ” અંતર્ગત કોલેજની બે વિદ્યાર્થીનીઓના પ્રોજેક્ટની પસંદગી થઈ હતી અને તેઓને ૩. ૪૦,૦૦૦નું વ્યક્તિગત અનુદાન પ્રાપ્ત થયું.
- “Emerging Trends in Bio-Chemico Science – 2026” રાષ્ટ્રીય સેમિનારની પોસ્ટર પ્રેઝન્ટેશન સ્પર્ધામાં કોલેજના અધ્યાપક ડૉ. સામત આર. રામે પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો.

પી. બી. સાયન્સ કોલેજ શૈક્ષણિક ગુણવત્તા, સંશોધન, કૌશલ્ય વિકાસ, નવીનતા અને સામાજિક જાગૃતિના વિવિધ આયામો દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે સતત કાર્યરત છે. વિદ્યાર્થીઓને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ ધરાવતા, જવાબદાર અને સક્ષમ નાગરિક તરીકે ઘડવા માટે સંસ્થા સતત પ્રયત્નશીલ છે.

**શૈક્ષણિક અને સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ :**

- તાલીમાર્થીઓના સર્વાંગી વિકાસ માટે વર્ષ દરમિયાન વિવિધ શૈક્ષણિક મુલાકાતો અને શૈક્ષણિક પ્રવાસોનું આયોજન કરવામાં આવ્યું.
- તાલીમાર્થીઓમાં રાષ્ટ્રીય મૂલ્યો, સામાજિક જાગૃતિ અને વ્યક્તિત્વ વિકાસ માટે વિવિધ રાષ્ટ્રીય દિવસો, વિશેષ દિવસો અને ઉજવણીઓનું આયોજન કરવામાં આવ્યું.
- શારીરિક વિકાસ, ટીમવર્ક અને નેતૃત્વના ગુણો વિકસે તે માટે વિવિધ રમત-ગમત પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું.

**શિક્ષણ અભ્યાસ અને ઇન્ટર્નશીપ :**

- તાલીમાર્થીઓ દ્વારા વિવિધ શાળાઓમાં પાઠ આયોજન અને શિક્ષણ અભ્યાસની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી.
- કપડવંજ અને કઠલાલ તાલુકાની આશરે 36 શાળાઓમાં ઇન્ટર્નશીપ કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો, જેના દ્વારા તાલીમાર્થીઓને પ્રત્યક્ષ શિક્ષણનો અમૂલ્ય અનુભવ પ્રાપ્ત થયો.

**વાંચન-લેખન-ગણન (FLN) કાર્યક્રમ :**

- કપડવંજ કેળવણી મંડળની નવી પહેલ અંતર્ગત શ્રી એસ.સી. દાણી સ્કૂલ અને શ્રી સી.ડી. ગાંધી સ્કૂલમાં વાંચન-લેખન-ગણન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.
